*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 18

## નાગરિકતા સંશોધન બિલ




- ચર્ચામાં શા માટે ?
- આ બિલની મહત્ત્વની જોગવાઈઓ :-
- આ બિલ સાથે સંકળાયેલ વિવાદો :-
- આ બિલની અસરો :
- નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન-NRC :


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



TOPIC-18નો
વીડિયો જોવા માટે અહી
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહી
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in    t.me/icerajkotofficial    9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- 9 ડિસેમ્બરની રાતે લોકસભામાં ‘નાગરિકતા સંશોધન બિલ, 2019’ પસાર કરવામાં આવ્યું છે.
- લોકસભામાં રાત્રે 12 વાગ્યા બાદ થયેલા મતદાનમાં બિલના પક્ષમાં 311 અને વિપક્ષમાં 80 મત પડયા હતા.
- આ બિલ ‘ભારતની નાગરિકતા’ આપવાની બાબતોમાં સુધારા લાવવા ઈચ્છે છે.
- ભારતની નાગરિકતા કોને અને કયા આધાર પર મળી શકે છે તે બાબત નાગરિકતા સંશોધન અધિનિયમ, 1955 માં આપવામાં આવી છે.
- 1955ના આ અધિનિયમમાં ‘નાગરિકતા સંશોધન બિલ, 2019’ દ્વારા સુધારો કરવામાં આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ બિલની મહત્ત્વની જોગવાઈઓ :-

- આ બિલ એ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી 31 ડિસેમ્બર, 2014 કે તેની પહેલાં આવેલ બિન-મુસ્લિમ સમુદાયને ભારતની નાગરિકતા આપવા ઈચ્છે છે.
- બિન મુસ્લિમ સમુદાયમાં હિંદુ, બૌદ્ધ, ખ્રિસ્તી, પારસી, જૈન અને શિખ એમ કુલ 6 સમુદાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ બિલમાં કહેવામાં આવ્યું છે કે આ ત્રણ દેશોમાંથી ભારતમાં આવેલ આ છ સમુદાયના લોકોને “ગેરકાયદેસર ઘુષણખોર” તરીકે જોવા જોઈએ નહીં.
- ઉપરાંત આ બિલ દ્વારા આ સમુદાયો વિરુદ્ધ ચાલી રહેલાં કાયદાકીય કેસમાંથી પણ તેમને રક્ષણ આપવામાં આવશે.

- આ બિલ દ્વારા આસામના અંતિમ NRC માંથી બાકાત રહેલા 19 લાખ બિન-મુસ્લિમ લોકોને ફાયદો થઈ શકશે.
- આસામનું અંતિમ NRC એટલે કે 'National Register of Citizens' એ 31 ઓગસ્ટ, 2019 ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું.
- આ છ સમુદાયના લોકો ભારતમાં નાગરિકતા માટેની અરજી કરી શકશે. આ માટે તેમને કોઈપણ પ્રકારના જન્મ પૂરાવાની જરૂર રહેશે નહીં.
- આ બિલની જોગવાઈ મુજબ આ છ સમુદાયના લોકોએ ભારતમાં પાંચ વર્ષ સુધી વસવાટ કરેલો હોવો જોઈએ.
- આ બિલ નીચેના વિસ્તારોમાં લાગુ પડશે નહીં.
  (1) આસામ, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરા રાજ્યના આદિવાસી વિસ્તારોમાં અને,
  (2) અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ અને નાગાલેન્ડના એવા વિસ્તારો કે જેને "ઈનર લાઈન પરમીટ" દ્વારા સંરક્ષણ મળેલું હોય.

## આ બિલ સાથે સંકળાયેલ વિવાદો :-

- લોકસભામાં કોંગ્રેસ સહિત 11 વિપક્ષી દળો દ્વારા આ બિલનો વિરોધ કરવામાં આવ્યો છે.
- વિપક્ષના મત મુજબ આ બિલ દ્વારા બંધારણના મુખ્ય સિદ્ધાંતોનું પાલન થતું નથી.
- બંધારણના અનુચ્છેદ 14 માં સમાનતાનો અધિકાર ભારતીયોને તથા વિદેશી લોકોને પણ આપવામાં આવ્યો છે, આથી આ બિલ દ્વારા અનુચ્છેદ 14 નું પાલન થતું નથી તેમ વિપક્ષ જણાવે છે.
- ઉપરાંત આ બિલ એ ભારતની 'બિનસાંપ્રદાયિકતા' અને 'વસુધૈવ કુટુંબકમ'ની વિરૂદ્ધ છે તેમ પણ વિપક્ષે જણાવ્યું છે.

ICE INSTITUTE COMPETITIVE EXAMS

- આ પ્રશ્નોના જવાબમાં કેન્દ્રીય ગૃહમંત્રીએ પોતાનો મત રજૂ કરતાં કહ્યું છે કે, "આ ત્રણ દેશોનો એક ચોક્કસ રાજ્યધર્મ છે. આ દેશોમાં આવેલ છ સમુદાયોએ લઘુમતીમાં છે અને તેના પર દમન થતું રહેતું હોય છે. આથી આવા લઘુમતીઓને ભારતમાં શરણ આપવા માટેનું આ બિલ છે. આ બિલ એ ભારતના મુસ્લિમોને કોઈ અસર કરશે નહીં."
- ઉપરાંત શા માટે માત્ર આ ત્રણ દેશોના લઘુમતીઓને જ આ બિલમાં સમાવવામાં આવ્યાં છે તેના પર પણ પ્રશ્નો ઊઠયા છે. કારણ કે અન્ય દેશો જેવા કે મ્યાનમાર અને શ્રીલંકામાં પણ લઘુમતીઓ પર વર્ષોથી દમન થઈ રહ્યું છે.
- આ સિવાય શા માટે માત્ર છ સમુદાયોનો જ આ બિલમાં સમાવેશ કરવામાં આવ્યો છે તે બાબત પર પણ વિવાદ ઊભા થયાં છે. કારણ કે પાકિસ્તાનમાં રહેલ અહમદીયા મુસ્લિમો (કે જેને પાકિસ્તાનમાં મુસ્લિમ ગણવામાં આવતાં નથી) અને બાંગ્લાદેશમાં રહેલ નાસ્તિક સમુદાય પર પણ દમન ગુજારાય રહ્યો છે.

## આ બિલની અસરો :

- ભારતના પૂર્વોત્તર રાજ્યોમાં પણ આ બિલનો પ્રબળ વિરોધ થઈ રહ્યો છે.
- આસામના NRC માં કોઈપણ જાતની ધાર્મિક મર્યાદા વગર જ નાગરિકતા નોંધણીની વાત હતી. પરંતુ આ બિલમાં છ સમુદાયોને રાહત અપાતાં NRCમાંથી બાકાત રહેલા 19 લાખ લોકો ભારતીય નાગરિકતાને પાત્ર બનશે.
- આ લોકો દ્વારા આસામ અને તેની આસપાસના વિસ્તારોમાં વંશીય અને વસતીકીય પરિસ્થિતિઓમાં ફેરફાર આવશે તેવો ભય પૂર્વોતરના લોકોને છે.

## નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન-NRC :

- બાંગ્લાદેશમાંથી આસામમાં થતી ઘૂષણખોરીને લીધે NRCમાં સુધારો કરવાની માંગ આસામ રાજ્ય દ્વારા કરવામાં આવી હતી.
- આ માંગને લીધે આસામમાં 1979 થી 1985 વચ્ચે 6 વર્ષ લાંબી લડાઈ ચાલી હતી. જેનો ઉદ્દેશ્ય ગેરકાયદેસર લોકોના દેશ નિકાલનો હતો.
- આ ચળવળનું નેતૃત્વ, 'ઓલ આસામ સ્ટુડન્ટ્સ યુનિયન' (AASU) દ્વારા કરવામાં આવ્યું હતું. જેમના દ્વારા NRCની યાદીમાં સુધારો કરી 1951 પછી આસામમાં દાખલ થયેલા તમામ ગેરકાયદેસર લોકોના દેશનિકાલની માંગણી હતી.
- આ ચળવળના પરિણામ સ્વરૂપે 'આસામ એકોર્ડ' અસ્તિત્વમાં આવ્યું હતું.
- આ એકોર્ડની મુખ્ય જોગવાઈ એ હતી કે 24 માર્ચ, 1971 પછી જે વિદેશીઓએ આસામમાં સ્થળાંતર કર્યું હોય તેમનો દેશનિકાલ કરવામાં આવશે.
- આ એકોર્ડ મુજબ સુપ્રીમ કોર્ટના નિરીક્ષણ હેઠળ NRCની યાદી અપડેટ કરવામાં આવી હતી.
- 31 ઓગસ્ટ, 2019ના રોજ અંતિમ NRCની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ NRCની યાદીમાં કુલ 3.3 કરોડ અરજીઓમાંથી 3.11 કરોડ લોકોનો અંતિમ યાદીમાં સમાવેશ થયો હતો. અર્થાત્ અંતિમ NRCમાં 19 લાખ લોકો બાકાત રહ્યાં હતા.
- આ NRCમાં પોતાની નાગરિકતા સિદ્ધ કરવા માટે લોકોએ પુરાવાઓ આપવા પડયાં હતા.
- નાગરિકોની ઓળખાણના આધારે NRCની યાદી અપડેટ કરનાર આસામ ભારતનું પ્રથમ રાજ્ય છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT